પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૧ | ૧૧ એપ્રિલ, ૨૦૧૮, બુધવાર ; ચૈત્ર વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### દિલ્હીની સ્કૂલમાં દીપડો દેખાયો

દિલ્હીના નરેલા એરિયામાં સ્થિત એરફોર્સ કેમ્પસમાં બનાવાયેલા કેન્દ્રિય વિદ્યાલયમાં દીપડો દેખાયો હોવાના સમાચાર ફેલાતા દહેશત સર્જાઈ હતી. વનવિભાગને પણ પંજાના નિશાન મળ્યા છે.

### પં. બંગાળ ચૂંટણી મામલો ફરી કોર્ટમાં

પશ્ચિમ બંગાળમાં પંચાયત ચૂંટણીનો મામલો ફરી સુપ્રિમ કોર્ટે પહોંચી ગયો છે. પં. બંગાળ ભાજપે સુપ્રિમ કોર્ટમાં અરજી દાખલ કરી રાજ્ય ચૂંટણી આયોગના નિર્ણયને પડકાર્યો છે.

### સુવર્ણપદક વિજેતા માનિકાને ૧૪ લાખનુ ઈનામ

દિલ્હી સરકારે ઓસ્ટ્રેલીયામાં યોજાઈ રહેલ કોમનવેલ્થ ગેમ્સમાં સુવર્ણપદક જીતનાર મહિલા ટેબલ ટેનિસ ખેલાડી માનિકા બગાને મોટી રકમ ઈનામમાં આપવાનો નિર્ણય કર્યો છે. તેમને ૧૪ લાખનુ ઈનામ અપાશે.

### રેલવે કેટરીંગ કૌભાંડ મામલે રાબડીની પૂછપરછ

સીબીઆઈએ મંગળવારે બિહારના પૂર્વ મુખ્યમંત્રી રાબડીદેવીની રેલવે કેટરીંગ કૌભાંડ મામલે પુછપરછ કરી હતી.

### રશિયા-અમેરિકા ફરી સામસામે

અમેરિકા દ્વારા રશિયા પર લગાવાયેલા નવા પ્રતિબંધો પર પ્રતિક્રિયા આપતા રાષ્ટ્રપતિ કાર્યાલયે કહ્યુ છે કે આનો જડબાતોડ જવાબ આપવામાં આવશે.

# સ્વચ્છતાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીએ : મોદી

**ચંપારણ સત્યાગ્રહના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે કાર્યક્રમ : જુદા જુદા ક્ષેત્રોમાં શ્રેષ્ઠ કામગીરી બદલ નીતિશ અને સુશીલકુમાર મોદીની પ્રશંસા : છેલ્લા એક સપ્તાહમાં દેશમાં ૨૬ લાખથી પણ વધુ ટોયલેટનું નિર્માણ**



મોતીહારી,તા. ૧૦

મહાત્મા ગાંધીના ચંપારણ સત્યાગ્રહના પ્રસંગે આયોજિત સત્યાગ્રહથી સ્વચ્છતા ગૃહ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉપસ્થિત મોટી સંખ્યામાં લોકોને સંબોધન કર્યું હતું. બિહારના પૂર્વીય ચંપારણ જિલ્લાના મોતીહારી ખાતે ઉપસ્થિત લોકોને મોદીએ સંબોધન કર્યું હતું. આજ જગ્યાએથી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ સત્યાગ્રહ ચળવળની શરૂઆત કરી હતી. ૨૦૦૦૦થી પણ વધારે સ્વચ્છ ભારતના સ્વૈચ્છિક કાર્યકરોને સંબોધતા મોદીએ સ્વચ્છતાને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત ઉપર ભાર મુક્યો હતો. સાથે સાથે તેઓએ બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર અને નાયબ મુખ્યમંત્રી સુશીલકુમાર મોદી દ્વારા

કરવામાં આવેલા કામની પણ પ્રશંસા કરી હતી. મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, સેંકડો વર્ષ પહેલા ઘણા લાકો દેશના જુદા જુદા ભાગોથી મહાત્મા ગાંધીની હાકલ ઉપર ચંપારણ પહોંચ્યા હતા.

ઈતિહાસ આજે ફરી પુનરાવર્તન થઈ રહ્યું છે. મોટી સંખ્યામાં સ્વચ્છતા સાથે જોડાયેલા લોકો અહીં પહોંચી રહ્યા છે. છેલ્લા ૧૦૦ વર્ષમાં બિહારે ત્રણ મહત્વપૂર્ણ પ્રસંગે દેશને દિશા દર્શાવી છે. દેશ જ્યારે સ્વતંત્ર થયું ન હતું ત્યારે બિહારે ગાંધીજીને મહાત્મા બનાવ્યા હતા. તેમને બાપૂ

● અનુસંધાન પાન-૭ પર



### પં.બંગાળમાં પંચાયતની ચૂંટણીમાં મમતાનો સપાટો

કોલકાત્તા,તા.૧૦

પશ્ચિમ બંગાળની પંચાયત ચૂંટણીમાં સેંકડો બેઠકો ઉપર મુખ્યમંત્રી મમતા બેનરજીનો તૃણમૂલ કોંગ્રેસ પક્ષ બિનહરીફ ચૂંટાઈ આવ્યો છે. ભાજપના રાષ્ટ્રિય મંત્રી રાહુલ સિન્હાએ કહ્યું છે આ જીત બોંબ અને બંદૂકોની સંસ્કૃતિનું પ્રતિક છે. આ લોકોની જીત નથી ભાજપના અગ્રણીઓ કહે છે અમને લડવા જ નથી દેવાયા ?! પ.બં.ના બીરભૂમ જિલ્લા પંચાયતની ૪૨માંથી ૪૧ બેઠક ઉપર તૃણમૂલ કોંગ્રેસ બિનહરીફ ચુંટાઈ આવેલ છે. તો બીરભૂમ પંચાયત સમિતિની ૧૯માંથી ૧૪ બેઠકો ઉપર તૃણમૂલ બિનહરીફ ચૂંટાયેલ છે.

# આઈસીઆઈસીઆઈ બેંકના વચગાળાના સીઈઓ નિમવા આરંભાયેલી હિલચાલ

**તપાસ પુરી ન થયા ત્યાં સુધી ચંદા કોચર રાજીનામુ આપી શકે : વ્યક્તિગતની સામે કરવામાં આવી રહેલા આક્ષેપોનો બચાવ કરવાના બદલે સંસ્થાને મજબૂત કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હોવાનો અભિપ્રાય**

મુંબઈ,તા. ૧૦

આઈસીઆઈસીઆઈ બેંકના સીઈઓ ચંદા કોચરના મામલે તપાસ ચાલી રહી છે ત્યારે બેંકના બોર્ડ મેમ્બરો પૈકીના એકે પોતાનો અભિપ્રયા આપતા કહ્યુ છે કે વ્યક્તિગત સામે કરવામાં આવી રહેલા આક્ષેપોને લઈને બચાવ કરવાના બદલે સંસ્થાને મજબુત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તે જરૂરી છે. તેમના આ અભિપ્રાય બાદ એવી ચર્ચા છે કે વચગાળાના કોઈ સીઈઓના મામલે હવે આઈસીઆઈસીઆઈ સક્રિય રીતે વિચારણા કરશે. જ્યાં સુધી તપાસ પૂર્ણ કરવામાં ન આવે ત્યાં સુધી કોચર કામચલાઉ ધોરણે રાજીનામુ આપી શકે છે. આ બેંકમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો પણ મોટા પાયે જોડાયેલા છે. અગાઉ દિવસમાં એવા મિડિયા અહેવાલ આવ્યા હતા કે કેટલાક ડિરેક્ટર હવે ઈચ્છે કે કોચર કામચલાઉ ધોરણે રાજીનામુ આપી દે. જો કે આઈસીઆઈસીઆઈ બેંકે આ પ્રકારના મીડિયા હેવાલને રદિયો આપ્યો હતો. ૨૮મી માર્ચના દિવસે બેંક બોર્ડે સીઈઓની તરફેણમાં જોરદાર નિવેદન કર્યુ હતુ. ભારતની બીજી સૌથી મોટી ખાનગી ક્ષેત્રની બેંકના બોર્ડની બેઠક આ સપ્તાહમાં જ મળનાર છે જેમાં ભાવિ પગલા ઉપર વિચારણા કરવામાં આવનાર છે. ચંદા કોચરના ભાવિને લઈને હાલમાં બોર્ડ વિભાજિત સ્થિતિ છે. વિડિયોકોન ગ્રુપને આપવામાં આવેલી લોનના મામલે ગેરરીતિ અંગેના આક્ષેપ બાદ ચંદા કોચરને રાજીનામુ આપવા અપીલ કરવાના મુદ્દે બોર્ડના સભ્યો વિભાજિત દેખાઈ રહ્યા છે. કેટલાક બહારના ડિરેક્ટરો દ્વારા પણ ચંદા કોચર પોતાની ભૂમિકા જાળવી રાખે તેને લઈને વાંધો ઉઠાવવામાં આવી રહ્યો છે. આ સપ્તાહની શરૂઆતમાં બોર્ડની બેઠક મળનાર છે. ચંદા કોચરની સીઈઓ તરીકેની

● અનુસંધાન પાન-૭ પર

# પાક. દ્વારા શસ્ત્રવિરામનો ભંગ : બે જવાન શહિદ

શ્રીનગર,તા.૧૦

જમ્મુ ડિવિઝનના રાજૌરી જિલ્લાના સુંદરબની સેક્ટરમાં પાકિસ્તાન દ્વારા શસ્ત્રવિરામનો ભંગ કરવામાં આવ્યો છે. પાકિસ્તાની સેનાના ફાયરિંગમાં ભારતીય સેનાના બે જવાનો શહીદ થયા છે. પાકિસ્તાન દ્વારા સોમવારે સાંજે કરવામાં આવેલા શસ્ત્રવિરામ ભંગની ઘટનામાં પાકિસ્તાન દ્વારા કોઈપણ પ્રકારની ઉશ્કેરણી વગર ફાયરિંગ કરવામાં આવ્યું હતું. તેમાં નાના હથિયારો, ઓટોમેટિક વેપન્સ અને મોર્ટારનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભારતીય સેનાના પ્રવક્તા લેફ્ટિનેન્ટ કર્નલ દેવેન્દર આનંદે કહ્યુ છે કે ફાયરિંગ સાંજે સવા પાંચ વાગ્યે શરૂ થયું હતું અને ભારતીય સેના દ્વારા શસ્ત્રવિરામ ભંગની ઘટનામાં મજબૂત અને અસરકારક વળતી કાર્યવાહી કરવામાં આવી છે. સેનાના પ્રવક્તા દ્વારા કહેવામાં આવ્યું છે કે સામસામે થયેલા ફાયરિંગમાં રાઈફલમેન વિનોદ સિંહ અને રાઈફલ મેન જાકી શર્મા ઈજાગ્રસ્ત થયા હતા. ફાયરિંગમાં ઘાયલ થયેલા બંને જવાનો બાદમાં શહીદ થયા છે. રાઈફલમેન વિનોદ સિંહ અખનૂર જિલ્લાના દાનાપુરના વતની હતા અને રાઈફલ મેન જાકી શર્મા જમ્મુના હીરાનગરના સાનહેલ ગામના વતની હતા.

# સોશિયલ મિડિયા પરના બંધની દેશમાં નહિવત અસર

**તોફાની તત્વોની ગતિવિધી પર ચાંપતી નજર રહી : રાજસ્થાનથી લઇને ઉત્તરપ્રદેશ સુધી ખુબ મજબુત સુરક્ષા વ્યવસ્થા**



નવી દિલ્હી,તા. ૧૦

સોશિયલ મિડિયા પર કેટલાક સંગઠનો દ્વારા આપવામાં આવેલા ભારત બંધના એલાનને લઈને દેશમાં મજબુત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. સોશિયલ મિડિયા ઉપર બંધની કોઈ અસર દેશના કોઈપણ ભાગમાં દેખાઈ ન હતી. સામાન્ય કામગીરી યથાવતરીતે ચાલી હતી. જનજીવન ઉપર કોઈ અસર થઈ ન હતી. બંધની હાકલ કોઈપણ સંગઠને કરી ન હતી. સોશિયલ મિડિયા ઉપર કેટલાક લોકોએ બંધની વાત કરી હતી જેથી અફવાઓ ફેલાઈ હતી. છતાં દેશના તમામ રાજ્યોમાં સુરક્ષા મજબુત રાખવાનો નિર્ણય પહેલાથી જ કરવામાં આવ્યો હતો. નેતા વગર અને સંગઠન વગર સોશિયલ મિડિયા પર જાહેર કરવામાં આવેલા બંધનો તોફાની અને અસામાજિક તત્વો લાભ ન લઈ શકે તે માટે પુરતા પગલા લેવામાં આવ્યા હતા. ગયા સોમવારના દિવસે દલિત સંગઠનોના ભારત બંધ દરમિયાન વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. આ હિંસામાં ૧૩થી પણ વધારે લોકોના મોત થયા હતા. સુપ્રીમ કોર્ટના એસસી અને એસટી એક્ટમાં રહેલી જોગવાઈના સંબંધમાં ચુકાદા બાદ હિંસા ભડકી ઉઠી હતી. દલિત સમુદાયના લોકો દેશના જુદા જુદા ભાગોમાં હિંસા પર ઉતરી આવ્યા હતા.

કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા પહેલાથી સોશિયલ મિડિયા પર ભારત બંધને લઈને રાજ્યો માટે એડવાઈઝરી જારી કરવામાં આવી હતી. સાથે સાથે બીજી એપ્રિલના દિવસે હિંસાની તમામ ઘટના બાદ હવે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં તમામ હિસ્સામાં મજબુત સુરક્ષા વ્યવસ્થા સવારથી જ ગોઠવી દેવામાં આવી હતી.સત્તાવાર રીતે કોઈ પણ સંગઠન દ્વારા બંધની જાહેરાત કરવામાં આવી નથી પરંતુ સોશિયલ મીડિયા પર હાલમાં અફવાઓ મોટા પાયે ફેલાયેલી છે. જેથી તંત્ર સંપૂર્ણ પણે સાવધાન છે. એકબાજુ મધ્યપ્રદેના સંવેદનશીલ જિલ્લામાં વહીવટીતંક્ષ દ્વારા સંચારબંધી પણ લાગુ કરવામાં આવી હતી. જ્યારે રાજસ્થાનમાં કલમ ૧૪૪ અમલી કરવામાં આવી હતી. કેટલાક હિસ્સામાં અર્ધલશ્કરી દળના જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા.

# સિરિયા અંગે ૪૮ કલાકમાં નિર્ણય લેશે : ટ્રમ્પ

વૉશિંગ્ટન,તા.૧૦

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે અમેરિકા ૨૪ થી ૪૮ કલાકની અંદર સિરિયા અંગે મોટો નિર્ણય કરશે. આ અગાઉ પણ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે તેઓ સિરિયામાંથી પોતાના સૈનિકો પાછા ખેંચવા માગે છે, પરંતુ તાજેતરમાં દમિશ્ક પાસેના સિરિયન સેનાના કેમિકલ હુમલા બાદ હવે ડોનાલ્ડ ટ્રમ્પનો મૂડ બદલાઈ ગયો. એવું માનવામાં આવે છે કે ગઈ સાલની જેમ જ આ સાલ પણ ડોનાલ્ડ ટ્રમ્પ મિસાઈલ હુમલાનો આદેશ કરી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે સિરિયાના નિર્દોષ નાગરિકો પર જઘન્ય હુમલાની સખત શબ્દોમાં ઝાટકણી કાઢી છે. આ હુમલાના થોડા સમય બાદ ડોનાલ્ડ ટ્રમ્પે સિરિયાના પ્રમુખ અસદને જાનવર ગણાવીને તેની કિંમત ચૂકવવા તૈયાર રહેવાની ધમકી આપી હતી. ગઈ સાલ પણ આ પ્રકારના હુમલા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે ત્રણ દિવસની અંદર સિરિયાના એ એરબેઝ પર ક્રૂઝ મિસાઈલ છોડી હતી કે જ્યાંથી હુમલા કરવામાં આવ્યા હતા.

કેમિકલ એટેકના મામલે ડોનાલ્ડ ટ્રમ્પે સિરિયાની સરકારને સમર્થન આપવા માટે ઈરાન અને રશિયા સામે પણ નિશાન તાક્યું હતું. તેમણે ટ્વિટમાં લખ્યું હતું કે મોટી કિંમત ચૂકવવી પડશે. ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ બાદ ડોનાલ્ડ ટ્રમ્પના હોમલેન્ડ સિક્યોરિટી એડ્‌વાઈઝર થોમસ પી. બોજર્ટે જણાવ્યું હતું કે વ્હાઈટ હાઉસની રાષ્ટ્રીય સુરક્ષા ટીમ સંભવિત એક્શન પર વિચાર કરી રહી છે. તેમણે મિસાઈલ હુમલાની શક્યતાનો ઈનકાર કર્યો નથી.

## ઈરાનની પણ અમેરિકાને ધમકી

**અમેરિકા અણુ સમજૂતીનો ભંગ કરશે તો એક અઠવાડિયામાં જવાબ આપીશું**

દરમિયાન ઈરાનના રાષ્ટ્રપતિએ અમેરિકાને ધમકી આપતાં જણાવ્યું છે કે જો અમેરિકા અણુ સમજૂતીનો ભંગ કરશે તો ઈરાન તેને એક અઠવાડિયાની અંદર જવાબ આપશે. આ સમજૂતીનો ભંગ કરીને અમેરિકા ચોક્કસપણે પસ્તાશે. ઈરાનના રાષ્ટ્રપતિ રોહાનીએ જણાવ્યું હતું કે ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા છેલ્લા કેટલાક સમયથી પરમાણુ સમજૂતીમાંથી બહાર નીકળી જવાની સતત ધમકી આપવામાં આવી રહી છે. જો અમેરિકા તેમાંથી બહાર નીકળી જશે તો દુનિયાને એવો સંદેશ જશે કે ડોનાલ્ડ ટ્રમ્પ પોતાની ખાતરીને વળગી રહેવામાં નિષ્ફળ ગયા છે.

# ઉત્તર ભારતના ચાર રાજ્યોમાં એલિયન જોવા મળતાં ચકચાર

ભોપાલ/જયપુર/લખનઉ,તા.૧૦

પૃથ્વિ બહારની દૂનિયા લોકો માટે કાયમી રહસ્યનું કેન્દ્ર રહી છે. તેમાંય ઉડતી રકાબીમાં આવતા એલીયનને લઈને વારે તહેવારે વિવિધ વાતો વહેતી થઈ છે. તેવી સ્થિતિ વચ્ચે ભારતના ઉત્તર પ્રદેશમાં તાજેતરમાં જ એલીયન જોવા મળતા લોકો ચોંકી ઉઠ્યા છે. આવી રીતે જ મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં પણ એલીયન જોવા મળ્યાના દાવા થઈ રહ્યા છે. મળી આવેલા એલીયનને તપાસ માટે ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીમાં મોકલાયુ છે. કંઈક આવા પ્રકારના મેસેજ ફોટા સાથે સોશિયલ મીડિયામાં વાયરલ થતા લોકોમાં એક તબક્કે રીતસર ભયમીશ્રિત આશ્ચર્ય ફેલાયુ હતું. જો કે આ બાબતનું તથ્ય કંઈક અલગ જ છે. હાલમાં જ ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને રાજસ્થાન સહિતના ચાર રાજ્યોમાં સોશિયલ મીડિયામાં એક એલીયનની તસવીર ખુબ જ વાયરલ થઈ છે. યુ.પી.ના ચંદૌલીમાં એક મંત્રીના ફાર્મહાઉસમાંથી તે મળ્યુ હોવાની વાતો વહેતી થઈ હતી. કૂતરા જેવા પંજા, લીલારંગની આંખો અને શરીર ઉપર વાળ તથા વિચિત્ર દેખાવ ધરાવતુ આ એલીયન માનવી છે કે પ્રાણી ? તેની તપાસ માટે બનારસ હિંદુ યુનિવર્સિટીની ફોરેન્સિક લેબોરેટરીમાં તપાસ માટે મોકલાયુ હોવાનો દાવો પણ સોશિયલ મીડિયાના મેસેજમાં થઈ રહ્યો હતો. ચાર-ચાર રાજ્યોમાં વાયરલ થયેલી તસવીરોએ લોકોમાં સારી એવી ચર્ચા જગાવી હતી. શું ખરેખર એલીયનનું અસ્તિત્વ છે ?

ફોટો જોતા એક તબક્કે એવું જ લાગે કે આ કોઈ જીવતુ-જાગતુ એલીયન છે. જેના શ્વાસ ચાલતા હશે, આંખો ફરકતી હશે, અવાજ કરી શકતુ હશેપ પરંતુ બાદમાં તપાસ દરમિયાન એવો ખૂલાસો થયો કે, આ એલીયન નહીં પણ સીલીકોનમાંથી બનાવેલી તેની મૂર્તિ છે. રશિયામાં એક ૨૯ વર્ષની મહિલા કલાકાર સીલીકોનની મદદથી આવી મૂર્તિ બનાવે છે. જે હકિકતમાં જીવતા-જાગતા જીવો જ લાગે. આ તસવીર પણ સીલીકોન આર્ટનો જ એક નમૂનો છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય




